તા. 10-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 10-Dec. 2024 સવારે : 7.45 થી 7.55

વાર : મંગળવાર નેશનલ બુલેટિન

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

---

1) આજે માનવ અધિકાર દિવસ: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ-NHRC દ્વારા આયોજિત કાર્યક્રમને સંબોધિત કરશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, નોઈડા આંતરરાષ્ટ્રીય વિમાનમથક રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર અને ઉત્તરપ્રદેશ માટે કનેક્ટિવિટી પૂરી પાડશે.

3) નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, સરકાર આગામી 3 વર્ષમાં 2 લાખ વીમા સખીઓ અથવા વીમા એજન્ટોની નિમણૂક કરવાની યોજના ધરાવે છે.

4) હવામાન વિભાગની પંજાબ, હરિયાણા, પૂર્વ ઉત્તર પ્રદેશનાં કેટલાંક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસની આગાહી.

5) ઓમાનના મસ્કત ખાતે રમાયેલી મહિલા જુનિયર એશિયા કપ હોકીની મેચમાં ભારતે મલેશિયાને 5-0થી હરાવ્યું.

..........................................................................................

તા. 10-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

# HUMAN RIGHTS DAY

આજે માનવ અધિકાર દિવસ છે. વિશ્વભરમાં માનવ અધિકારોનું રક્ષણ કરવા નિર્ધારિત માપદંડોનું પાલન કરવા વર્ષ 1948માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં આ અંગેનો ઠરાવ પસાર કરાયો હતો. આ વર્ષનો વિષય છે "આપણા અધિકારો, આપણું ભવિષ્ય, વર્તમાનમાં છે: વર્ગખંડથી કાર્યસ્થળ સુધીના તણાવને નિયંત્રિત કરો." રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ-NHRC દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરશે. એક નિવેદનમાં -NHRCએ જણાવ્યું કે, રાષ્ટ્રપતિના સંબંધોન બાદ માનસિક સુખાકારી પર રાષ્ટ્રીય પરિષદ યોજાશે.

માનવ અધિકાર ઉલ્લંઘનના 23 લાખથી વધુ કેસ નોંધાયા છે અને માનવ અધિકાર ઉલ્લંઘનનો ભોગ બનેલા લોકોને રાહત તરીકે અંદાજે 256 કરોડ રૂપિયાની રકમની ભલામણ કરવામાં આવી છે.

.............................................................................

# PM - NOIDA AIRPORT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, નોઈડા આંતરરાષ્ટ્રીય વિમાનમથક રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર અને ઉત્તર પ્રદેશ માટે કનેક્ટિવિટી પૂરી પાડશે અને લોકોનાં જીવનમાં સરળતા લાવશે.

તા. 10-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

સોશિયલ મિડિયા પ્લેટફોર્મ X પર તેમણે જણાવ્યું કે, સરકાર સમૃદ્ધિ વધારવા ઉચ્ચ-ગુણવત્તા ધરાવતી માળખાકીય સુવિધા સુનિશ્ચિત કરવા અને કનેક્ટિવિટીની શક્તિનો લાભ લેવા અનેક પગલાં લઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, ગ્રેટર નોઈડામાં નિર્માણાધિન નોઇડા આંતરરાષ્ટ્રીય વિમાનમથકે ગઈ કાલે સૌ પ્રથમ વાર ફ્લાઇટનું ઉતરાણ થયું હતું, જેને વોટર કેનનથી ઔપચારિક સલામી આપવામાં આવી હતી.

દિલ્હીથી આવેલી આ ટ્રાયલ ફ્લાઈટમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓ અને તકનીકી નિષ્ણાતો હતા. એરપોર્ટની સજ્જતા ચકાસવા માટે આ એક નિર્ણાયક પગલું હતું. વિમાનમથકથી પ્રથમ કમર્શિયલ ફ્લાઇટ એપ્રિલ, 2025માં શરૂ થવાની સંભાવના છે.

....................................................................................

# PM-RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, દેશ આત્મનિર્ભર બનવાના માર્ગ પર આગળ વધી રહ્યો છે. આત્મનિર્ભર ભારત અભિયાન વૈશ્વિક છે અને તેની અસર પણ વૈશ્વિક છે.

આ માટે સરકાર સર્વગ્રાહી અભિગમ સાથે આગળ વધી રહી છે. શ્રી મોદીએ ગઈકાલે જયપુરમાં રાઈઝિંગ રાજસ્થાન વૈશ્વિક રોકાણકાર પરિષદનું ઉદ્ઘાટન કર્યા બાદ કહ્યું કે, વિશ્વના રોકાણકારો અને નિષ્ણાતો ભારતને લઈને ખૂબ જ ઉત્સાહિત છે.

તા. 10-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મના મંત્રને અનુસરીને ભારતે દરેક ક્ષેત્રમાં જે વિકાસ સાધ્યો છે તે દેખાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, આઝાદીના સાત દાયકા પછી ભારત વિશ્વની 11મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે પરંતુ છેલ્લા એક દાયકામાં દેશે અસાધારણ વિકાસ કર્યો છે. તે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગઈ છે.

.................................................................................

# PM-SMART INDIA HACKATHON

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન 2024ના ગ્રાન્ડ ફિનાલેમાં યુવા સંશોધકો સાથે વાર્તાલાપ કરશે. ગ્રાન્ડ ફિનાલેમાં વિદ્યાર્થીઓની 1,300થી વધુ ટૂકડીઓ ભાગ લેશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી ઉપસ્થિતોને સંબોધિત કરશે.

સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનની 7મી આવૃત્તિ આવતી કાલે દેશભરમાં 51 નોડલ કેન્દ્રો પર એક સાથે શરૂ થશે. સોફ્ટવેર એડિશન 36 કલાક માટે નોનસ્ટોપ ચાલશે, જ્યારે હાર્ડવેર એડિશન 15મી ડિસેમ્બર સુધી ચાલુ રહેશે.

ભૂતકાળની આવૃત્તિઓની જેમ, વિદ્યાર્થીઓની ટીમો મંત્રાલયો, વિભાગો, ઉદ્યોગો દ્વારા પૂરા પાડવામાં આવેલી સમસ્યાઓ પર કામ કરશે અથવા સ્ટુડન્ટ ઇનોવેશન કેટેગરીમાં રાષ્ટ્રીય મહત્વના ક્ષેત્રો સાથે જોડાયલી 17 થીમ્સમાંથી કોઈ એક થીમ અંગે પોતાનાં વિચારો રજૂ કરશે.

.................................................................................

તા. 10-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

# SITHARAMAN - BIMA SAKHIS

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે, સરકાર આગામી ત્રણ વર્ષમાં 2 લાખ વીમા સખીઓ અથવા વીમા એજન્ટોની નિમણૂક કરવાની યોજના ધરાવે છે. ગઈ કાલે હરિયાણાના પાણીપતમાં 'બીમા સખી યોજના' શરૂ કરવા માટેના એક સમારોહને સંબોધતા શ્રીમતી સીતારમણે કહ્યું, આ વર્ષે 25 હજાર વીમા સખીઓની નિમણૂક કરાશે.

(ઓડિયો – નિર્મલા સીતારમણ)

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ મહિલાઓમાં નાણાકીય સાક્ષરતા અને વીમા જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે ગઈ કાલે પાણીપતમાં વીમા સખી યોજના શરૂ કરી. ભારતીય જીવન વીમા નિગમની આ પહેલ 18 થી 70 વર્ષની વય જૂથની મહિલાઓને સશક્ત બનાવશે.

.............................................................................

# NPCI CAMPAIGN

નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા- NPCIએ રૂપે નેશનલ કોમન મોબિલિટી કાર્ડ-NCMC અંગે જાગૃતિ ઊભી કરવા અને તેના વપરાશ માટે તાજેતરમાં ‘રૂપે ઓન-ધ-ગો ’ નામનું અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાનનાં ભાગરૂપે એનસીએમસીને પરિવહન માટેના સૌથી આકર્ષક સોલ્યુશન તરીકે રજૂ કરવામાં આવ્યું છે. તે વપરાશમાં સરળ, સુવિધાયુક્ત અને ખૂબ ઝડપી છે.

રૂપે NMCM અમદાવાદ, મુંબઈ, દિલ્હી, બેંગલુરુ, ચેન્નાઈ, અને કાનપુર શહેરોની મેટ્રો તેમજ મુંબઈ (બેસ્ટ), ગુવાહાટી, હરિયાણા, જમ્મુ, શ્રીનગર, હિમાચલ અને ઓરંગાબાદની બસ સેવાઓમાં ચાલે છે.

રૂપે કાર્ડ મારફતે મેટ્રો, બસ, ટોલ, પાર્કિંગ અને રિટેલમાં નાણાંની ચુકવણી એકીકૃત રીતે થઈ શકે છે. મુસાફરો ઝડપી અને અવરોધરહિત મુસાફરી માટે ઇન્ટરનેટ વગર ઓફલાઇન ચુકવણી કરી શકે છે.

........................................................................

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે વહેલી સવારે અને રાત્રિનાં સમયે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પૂર્વ ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળના કેટલાંક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસની સ્થિતિની આગાહી કરી છે. આવી જ સ્થિતિ હિમાચલ પ્રદેશ, ઝારખંડ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં જોવા મળશે.

હવામાન વિભાગે આગામી 2-3 દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા-ચંદીગઢ, દિલ્હી, રાજસ્થાન, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનું મોજું પ્રવર્તવાની આગાહી કરી છે.

........................................................................

તા. 10-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

# HOCKEY - ASIA CUP

ઓમાનના મસ્કત ખાતે રમાયેલી મહિલા જુનિયર એશિયા કપ હોકીમાં ભારતે ટૂર્નામેન્ટમાં શ્રેષ્ઠ દેખાવ જારી રાખતા મલેશિયાને 5-0થી હરાવ્યું હતું. આ સ્પર્ધાના ઈતિહાસમાં મલેશિયા સામે ભારતની સતત ત્રીજી જીત છે. ધીમી શરૂઆત અને મલેશિયાના મજબૂત બચાવ બાદ, ભારતે ત્રીજા ક્વાર્ટરમાં સફળતા મેળવી હતી.

વૈષ્ણવી ફાળકેએ 32મી મિનિટે પહેલો ગોલ કર્યો હતો, ત્યારબાદ દીપિકાએ સતત ત્રણ અને કનિકા સિવાચે પાંચમો ગોલ કર્યો હતો. બાંગ્લાદેશ સામેની તેમની અગાઉની 13-1થી જીત બાદ સેકન્ડ હાફમાં પ્રભુત્વ જમાવ્યું હતું.

ભારત આવતીકાલે ચીન સામે ટકરાશે. મેચ ભારતીય સમય પ્રમાણે રાત્રે 8:30 વાગ્યે શરૂ થશે. FIH જુનિયર વર્લ્ડ કપ માટે જુનિયર એશિયા કપ ક્વોલિફાઇંગ સ્પર્ધા છે, જે આવતા વર્ષે ચિલીમાં રમાશે. એશિયા કપમાં ટોચનાં પાંચ સ્થાને આવનારી ટીમો વિશ્વકપમાં સ્થાન મેળવશે.

..........................................................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

....................................................................................

તા. 10-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકિતા શાહ

**********************************

- સંસદના શિયાળુ સત્રમાં ચાલી રહેલી કાર્યવાહી અંગેના સમાચારોને હેડલાઈનમાં લેતા નવગુજરાત સમય જણાવે છે કે, અદાણી અને સોરોસ મુદ્દે સંસદના બંને ગૃહમાં ધમાલ.
- ગુજરાત સમાચાર લખે છે કે, ભાજપે સોરોસ, કોંગ્રેસે અદાણી મુદ્દે સંસદ ખોરવી.
- સંદેશ લખે છે સોરોસ મુદ્દે સોનિયાને ઘેરવાનો ભાજપનો વ્યૂહ
- ખ્યાતિ હોસ્પિટલમાં ગેરરિતી બાદ રાજ્ય સરકાર દ્વારા લેવાઈ રહેલા પગલા અંગેના સમાચારોને સ્થાન આપતાં દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે. - ખ્યાંતિ કાંડની અસર – રાજ્યભરમાં વધુ પાંચ હોસ્પિટલ પી.એમ. જે.એ.વાય યોજનામાંથી સસ્પેન્ડ
- ગુજરાત સમાચાર લખે છે - પી.એમ. જે.એ.વાય હોસ્પિટલોને સસ્પેન્ડ કરી દંડ ફટકારાયો.
- અન્ય હેડલાઈનમાં નવ ગુજરાત સમય લખે છે – વન નેશન – વન ઈલેક્શન બિલ સંસદના વર્તમાન સત્રમાં લાવવા કેન્દ્રની તૈયારી – સર્વ સંમતિના પ્રયાસ.
- દિવ્ય ભાસ્કરની અન્ય હેડલાઈન છે – સ્માર્ટ વીજ મીટર અંગે સરકારે નિયમો બદલ્યા - સ્માર્ટ મીટર લગાવી વીજ બિલમાં 2 ટકા છૂટ મેળવો – એડવાન્સ નહીં 10 દિવસમાં બિલ ચૂકવી શકાશે.
- નવગુજરાત સમયની એક હેડલાઈન છે – બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતાં હુમલાઓ સાંખી લેવાશે નહીં – વિદેશ સચિવ મિસરી
- સંદેશ લખે છે – ભારતની બાંગ્લાદેશને સાફ વાત – હિન્દુઓની રક્ષા કરો.

-ડેસ્ક નીકિતા શાહ